Read in English

# ઊગતી પ્રભાએ કાર્ય પ્રારંભમાં...

ઊગતી પ્રભાએ કાર્ય પ્રારંભમાં... સહાય કરો એવું ઇચ્છું છું,

સર્વ કાર્યમાં એક જ હેતુ, રાજી થાયે... રાજી થાયે એક જ તું...

બ્રહ્મનિયંત્રિત બ્રહ્મસમાજમાં... સૌમાં તારું દર્શન કરું... (૨)

સ્નેહસુધાભરી મૂર્તિનાં સુખની... મસ્તીથી... મસ્તીથી હું મસ્ત રહું...

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ વિનવું હું... (૨)

ઘટઘટમાં પ્રસંગે પ્રસંગે... આબાલ વૃદ્ધ સહુ મુક્તોમાં... (૨)

તું જ કરે છે... તું જ પ્રેરે છે, એવું માની... એવું માની સુહૃદ બનું...

તારી દિવ્ય મૂરતિની સ્મૃતિમાં, માહાત્મ્યથી સભર રહું...

દિવ્યજીવનના દિવ્ય આનંદમાં, મસ્ત બની...(૨) તારા ગુણ ગાઉં...

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ વિનવું હું... (૨)

નિમિત્ત બની કાર્ય કરી... પાછા મૂર્તિરૂપી માળામાં... (૨)

માન-અપમાન, જશ-અપજશમાં સહજ હું... સહજ સરળ સ્મિત કરું...

અખંડ અંતરમાં રહી, અમારી રક્ષા કરજે તું...(૨)

નિર્દોષબુદ્ધિના અમૃતપાનને, જીવનમાં... જીવનમાં પચાવું હું...

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ વિનવું હું... (૨)

ઊગતી પ્રભાએ કાર્ય પ્રારંભમાં... સહાય કરો એવું ઇચ્છું છું

સર્વ કાર્યમાં એક જ હેતુ, રાજી થાયે એક જ તું...

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ વિનવું હું... (૨)

**ūgatī prabhāe kārya prārambhamān...**

ūgatī prabhāe kārya prārambhamān... Sahāya karo evun ichchhun chhun,

Sarva kāryamān ek j hetu, rājī thāye... Rājī thāye ek j tun...

Brahmaniyantrit brahmasamājamān... Saumān tārun darshan karun... (2)

Snehasudhābharī mūrtinān sukhanī... Mastīthī... Mastīthī hun masta rahun...

Swāminārāyaṇa... Swāminārāyaṇa... Svāminārāyaṇ vinavun hun... (2)

Ghaṭaghaṭamān prasange prasange... Ābāl vṛuddha sahu muktomān... (2)

Tun j kare chhe... Tun j prere chhe, evun mānī... Evun mānī suhṛud banun...

Tārī divya mūratinī smṛutimān, māhātmyathī sabhar rahun...

Divyajīvananā divya ānandamān, masta banī...(2) tārā guṇ gāun...

Swāminārāyaṇa... Swāminārāyaṇa... Svāminārāyaṇ vinavun hun... (2)

Nimitta banī kārya karī... Pāchhā mūrtirūpī māḷāmān... (2)

Māna-apamāna, jasha-apajashamān sahaj hun... Sahaj saraḷ smit karun...

Akhanḍa antaramān rahī, amārī rakṣhā karaje tun...(2)

Nirdoṣhabuddhinā amṛutapānane, jīvanamān... Jīvanamān pachāvun hun...

Swāminārāyaṇa... Swāminārāyaṇa... Svāminārāyaṇ vinavun hun... (2)

Ūgatī prabhāe kārya prāranbhamān... Sahāya karo evun ichchhuan chhun

Sarva kāryamān ek j hetu, rājī thāye ek j tun...

Swāminārāyaṇa... Swāminārāyaṇa... Swāminārāyaṇ vinavun hun... (2)